
# ડાબું-જમણું

U8U4R7

**પ્રવૃત્તિ :**

નીચે હાથના પંજાનું ચિત્ર આપેલું છે. તેના ઉપર પંજો મૂકો. હથેળી કાગળ બાજુ રહે તે રીતે પંજો ગોઠવો. તમારો અંગૂઠો અને આંગળીઓ ચિત્રમાં દોરેલ અંગૂઠા અને આંગળીઓ પર મૂકો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જે હાથ ચિત્રમાં આપેલા હાથમાં બંધ બેસે છે, તે હાથ તમારો જમણો હાથ છે. તમારો બીજો હાથ નોટબુકના કાગળ પર મૂકો અને તમારા જમણા હાથથી રેખાચિત્ર દોરો અને ચિત્ર મેળવો.

**ચાલો આપણે ગીત ગાઈએ.**

જમણો હાથ ઊંચો કરો,
ડાબો હાથ નીચો કરો,
બંને હાથ ઊંચા કરો,
સાથોસાથ ગોળ ગોળ ફરો.
જમણો હાથ ઊંચો કરો...
ડાબો હાથ ઊંચો કરો,
જમણો હાથ નીચો કરો,
બંને હાથ નીચા કરો,
સાથોસાથ ઠેકડાં ભરો.
જમણો હાથ ઊંચો કરો...

**લખો :**

**ડાબા હાથનું ગીત**

આવી જ રીતે, ડાબા (left-લેફ્ટ) અને જમણા (right-રાઈટ) પંજા માટે ગાઓ.

**જુઓ અને કહો :**

- તમારી આગળ શું છે ?
- તમારી ડાબી તરફ શું છે ?
- કઈ વસ્તુઓ તમારી પાછળ છે ?
- તમે કોની ડાબી બાજુએ બેઠા છો ?
- તમારી જમણી બાજુ કોણ બેઠું છે ?
- તમે કોની જમણી બાજુએ બેઠા છો ?

બાળકો પ્રવૃત્તિ અને હાવભાવ સાથે ગીત ગાઈને મજા માણશે. તેઓ ડાબે-જમણે, ઉપર-નીચે અને આગળ-પાછળ વિશે તેમના અનુભવોથી જાણશે.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો અને કરો :

❉ આ ચિત્રમાં રુચિરા ચિત્રની વચ્ચે છે.

- રુચિરાની પાછળ પુસ્તક દોરો.
- એક ફૂલ રુચિરાની જમણી બાજુ દોરો.
- ખુરશી રુચિરાની ડાબી બાજુ દોરો.
- રુચિરાની સામે ઝાડનું ચિત્ર દોરો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રુચિરાને ઘરેથી શાળાએ જવાનો રસ્તો શોધવામાં મદદ કરો.

B5X3V8

ચિત્રમાં શાળા શોધો. રુચિરાને ઘરથી શાળા સુધી પહોંચાડો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## વિચારો અને લખો :

❋ રુચિરાના ઘરથી શાળા તરફના રસ્તા ઉપર કઈ વસ્તુઓ અને જગ્યાઓ આવે છે ? તેમનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

| તેની જમણી બાજુએ શું આવે છે ? | તેની ડાબી બાજુએ શું આવે છે ? |
|---|---|
| • | • |
| • | • |
| • | • |
| • | • |
| • | • |
| • | • |




## શોધી કાઢો :


❋ રુચિરાએ તેના ઘરેથી શાળાના રસ્તા ઉપર કેટલા વળાંક લેવાના થાય છે ?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નિશાની (symbol-સિમ્બૉલ)ને ઓળખો અને તેનાં નામ લખો.








તમે કહી શકશો, આ નિશાનીઓ શા માટે ઉપયોગમાં લેવાય છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તમારી પોતાની નિશાની બનાવો. આ નિશાની પહેલાંની નિશાની કરતાં અલગ હોવી જરૂરી છે. હવે તમે બનાવેલ નિશાની નીચે આપેલા નકશામાં મૂકો. નકશામાં જ નિશાની બનાવવાનું રાખવું.



**નિશાની માટેની સૂચિ**

રુચિરાનું ઘર

શાળા

પોસ્ટ-ઑફિસ

ઝાડ

દવાખાનું

બસ-સ્ટૉપ

કૂવો

દુકાન

દરવાજો

ઘર


બાળકોને નકશામાં નિશાનીઓની જરૂરિયાત સમજાવો. બાળકોએ બનાવેલી નિશાનીઓની વર્ગમાં ચર્ચા કરવી એ ખૂબ જ ઉપયોગી અને રસપ્રદ બની રહેશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો અને દોરો :

❋ શબ્દ વાંચો અને તે માટેની નિશાની દોરો.




| | | |
|---|---|---|
| ઝાડ | ઘર | મકાન |
| શાળા | દવાખાનું | દૂધઘેરી |
| પોસ્ટ-ઑફિસ | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો અને લખો :

❊ નકશાને આધારે વિગત લખો :




- નકશામાં કેટલાં ઘર છે? ________________
- નકશામાં કેટલી દુકાનો છે? ________________
- નકશામાં કેટલાં ઝાડ છે? ________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- નકશામાં કેટલા હેન્ડપંપ છે ? ______
- શાળા પોસ્ટ-ઑફિસ કે દવાખાનામાંથી કોની નજીક છે ? ______
- બસ-સ્ટેશનની નજીક શું છે ? ______
- નિશાનીઓની યાદી વગર તમે નકશો વાંચી શકો ખરા ?

______

❉ તમે ગણિતમાં ભણ્યાં હો, તેવી જ નિશાનીઓ અહીં લખો.

______ ______ ______

______ ______ ______

તમારા ઘરથી શાળા સુધી પહોંચવાનો નકશો દોરો :

આ નકશો બનાવવા માટે બાળકોને માર્ગદર્શન આપવાનું રાખવું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in